વડોદરા મહાનગર સેવા સદન
હિસાબીશાખા
વડોદરા
તા.૧૫–૩–૨૦૧૩

**પરીપત્ર અંક : ૨૬ /૨૦૧૨–૧૩**

વડોદરા મહાનગર સેવા સદન દ્વારા સને ૨૦૧૩–૧૪ માટેના કર અને દર સમગ્રસભા ઠરાવ અંક: ૨૨૩ તા. ૨૦–૨–૧૩ થી ઠરાવ્યા મુજબ નીચેના ધોરણે લેવાના રહેશે.

ધી ગુજરાત પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ના ધોરણ અનુસાર સને ૨૦૧૩–૧૪ માટે કરવેરાનું ધોરણ નીચે પ્રમાણે અમલમાં મુકવાનું રહેશે.

**સામાન્ય કર :–**

ધી ગુજરાત પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ કલમ ૧૪૧ (બી) થી ૧૪૧ (એફ) અનુસાર સને ૨૦૧૩–૧૪ માટે નીચે પ્રમાણે સામાન્ય કર અમલમાં મુકવાનો રહેશે.

કોર્પોરેશન એકટની કલમ ૧૪૧ (બી) અનુસાર સને ૨૦૧૩–૧૪ના વર્ષ માટે કાયદા હેઠળ સામાન્ય કર અંગે ઓછામાં ઓછા નિર્ધારિત વાર્ષિક દરના બદલે

રહેઠાણ માટે પ્રતિ ચોરસ મીટર દીઠ વર્ષ દીઠ રુ. ૧૧/– ના બદલે રુ. ૧૬/– પ્રતિ વર્ષ કરવા તથા બિન રહેઠાણ માટે પ્રતિ ચોરસ મીટર પ્રતિવર્ષ રુ. ૨૬/–ના બદલે રુ. ૩૦/– પ્રતિ વર્ષ મુજબ લેવાનો રહેશે.

**કન્ઝરવન્સી અને સુઅરેજ ટેક્ષ :–**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : વમન/૮૦૨૦૦૭/૪૪૨૪/પી તા. ૧૬–૫–૨૦૦૮ થી કન્ઝરવન્સી અને સુઅરેજ ટેક્ષના દરોને સરકારશ્રીની મંજુરી મળેલ છે.

ગુજરાત એકટ નં. ૨/૨૦૦૭ની કલમ ૧૪૧ એએ (બી) અન્વયે કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ નીચે મુજબના ધોરણોએ સને ૨૦૧૩–૧૪ માટે લેવાનો રહેશે.

| | **કન્ઝરવન્સી અને સુઅરેજ ટેકસ પાત્ર મિલ્કત** | **સામાન્ય કર ઉપર ટકાવારી** |
|---|---|---|
| ૧. | ઝુંપડા | વાર્ષિક ઓછામાં ઓછા દર |
| ૨. | ૨૫ મીટર સુધીના રહેઠાણની મિલ્કત અને ચાલી | ૧૫ % |
| ૩. | ઉત્પાદન તેમજ ઓધૌગિક હેતુ માટે ઇમારત, બેન્ક, પેટ્રોલ–ડીઝલ પંપ, ગેસ સ્ટેશન, રાજય સરકાર –કેન્દ્ર સરકારની ઓફીસ, કો મર્શીયલ ઓફિસ, મોબાઈલ ફોન ટાવર, પેજર એન્ટેના, ડીશ એન્ટેના, તદ ઉપરાંત તમામ પ્રકારની દુકાન,તમામ પ્રકારના માર્કેટ, ગોડાઉન, વેર હાઉસીસ, તમામ પ્રકારની હોટેલ, રેસ્ટોરન્ટ, સર્વિસ સ્ટેશન, ગેરેજ,શોરૂમ, હેલ્થ સેન્ટર, જીમ્નેશીયમ, તમામ પ્રકારના ટયુશન કલાસીસ, ટ્રેનીંગ અને વોકેશનલ ગાઈડન્સ સંસ્થાઓ, આનંદ–પ્રમોદ અને મનોરંજનના હેતુ માટે વપરાતી ઈમારત, મેરેજ હોલ, કોમ્યુનીટી હોલ, વાડી, પાર્ટી પ્લોટ, કલબ પ્લોટ, પ્રદર્શન મેદાન, સિનેમાગૃહ, કલબ હાઉસ, મલ્ટીપ્લેક્ષ થીયેટર, ઓપન એર થીયેટર, જીમખાના, સ્પોર્ટસ સ્ટેડીયમ વિગેરે | ૩૫ % |
| ૪. | ૨૫ મીટરથી વધુ ક્ષેત્રફળવાળા રહેઠાણની મિલ્કત અને ઉપર જણાવ્યા સિવાયની બિન રહેઠાણની તમામ મિલ્કત | ૨૫ % |
| ૫. | ઓછામાં ઓછા વાર્ષિક દર (એકટમાં નિર્દિષ્ઠ કર્યા મુજબ) | રુ. ૨૪/– |

**વડોદરા શહેરની હદ બહાર અપાયેલા ડ્રેનેજ કનેકશનો ઉપર લેવાપાત્ર કન્ઝરવન્સી સુઅરેઝ ટેકસ અંગેનું ધોરણઃ-**

મહાનગર સેવા સદન હદ બહારના મકાનો માટે ડ્રેનેજ કનેકશન માટે ડ્રેનેજ કનેકશન દીઠ વાર્ષિક રુ. ૬૨૫/-ના બદલે રુ. ૧૦૦૦/- લેખે કન્ઝરવન્સી ટેક્ષ લેવાનો રહેશે. બહુમાળી મકાનોનાં કેસમાં દર યુનીટ દીઠ ચાર્જ ગણવાનો રહેશે.

**હદ બહારના બિનઘરગથ્થું ડ્રેનેજ કનેકશનો અંગેનું ધોરણઃ-**

મ્યુનિસિપલ હદ બહારના બિનધરગથ્થું મકાનો માટે પ્રતિ કનેકશન દીઠ વાર્ષિક રુ.૨૫૦૦/- ના બદલે રુ. ૩૫૦૦/- લેખે કન્ઝરવન્સી ટેક્ષ લેવાનો રહેશે.

**વડોદરા શહેરની હદ બહારના સંસ્થાકીય હેતુ ડ્રેનેજ કનેકશનો અંગેનું ધોરણ :**

હદ બહારના સંસ્થાકીય હેતુ ડ્રેનેજ કનેકશનો માટેના દરો પ્રતિ કનેકશન દીઠ રુ. ૨૫૦૦/- ના બદલે રુ. ૫૦૦૦/- લેખે લેવાનો રહેશે.

**વાહન ઉપરનો કર (આજીવન વાહન કર) :**

આજીવન વાહન હાલ ધી જી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ હેઠળ વસુલ કરવામાં આવે છે. તેમાં ફેરફાર કરી સને ૨૦૧૩-૧૪માં નીચે મુજબના ધોરણે વસુલ કરવાનો રહેશે.

| અ.નં. | વિગત | દર |
|---|---|---|
| ૧. | સ્કુટર, મોટર સાયકલ, અને દ્વીચક્રી વાહનો (બેટરી ઓપરેટેડ સહિત) | બેઝીક પ્રાઈઝના ૧.૨૫ % |
| ૨. | ઓટોરીક્ષા | બેઝીક પ્રાઈઝના ૧.૫૦ % |
| ૩. | લોડીંગ રીક્ષા | બેઝીક પ્રાઈઝના ૧.૫૦ % |
| ૪. | મોટરકાર તથા જીપ માટે (બેઝીક પ્રાઈઝ) | |
| | (એ) રૂ. ૨,૯૯,૯૯૯/- સુધી | બેઝીક પ્રાઈઝના ૧.૨૫ % |
| | (બી) રૂ. ૩,૦૦,૦૦૦/- થી ૪,૯૯,૯૯૯ સુધી | બેઝીક પ્રાઈઝના ૧.૭૫ % |
| | (સી) રૂ. ૫,૦૦,૦૦૦/- થી ૯,૯૯,૯૯૯ સુધી | બેઝીક પ્રાઈઝના ૨.૦૦ % |
| | (ડી) રૂ. ૧૦,૦૦,૦૦૦/- થી ૨૪,૯૯,૯૯૯ સુધી | બેઝીક પ્રાઈઝના ૨.૨૫ % |
| | (ઈ) રૂ. ૨૫,૦૦,૦૦૦/- થી ઉપર | બેઝીક પ્રાઈઝના ૨.૫૦ % |
| ૫. | મેટાડોર, મીનીબસ | બેઝીક પ્રાઈઝના ૧.૫૦ % |
| ૬. | ટ્રક તથા મોટી બસ (તમામ પ્રકારની) તથા અન્ય તમામ પ્રકારના વાહનો જેનો સમાવેશ અનુક્રમ નં. ૧ થી ૫માં થયેલ ના હોય | બેઝીક પ્રાઈઝના ૧.૫૦ % |

આ ઉપરાંત વાહન દીઠ ટોકન રુ. ૫/- ને બદલે રુ. ૧૦૦/- વસુલ કરવાનો રહેશે.

**થીયેટર ટેક્ષ :-**

ગુજરાત સરકારના પંચાયત અને આરોગ્ય ખાતાના ઠરાવ અંક-બી.એમ.સી./૪૪૭૪/૨૦૮૬/પી./ તા.૨૧-૩-૧૯૭૫ થી મંજુર કરેલા થીયેટર ટેક્ષ અંગેના નિયમો મુજબ અને ગુજરાત સરકારનાં પંચાયત હાઉસીંગ અને અર્બન ડેવલપમેન્ટના ઠરાવ અંક- બી.પી.એમ.સી./૪૪૭૬/૪૫૭૬/પી./તા. ૧૨-૮-૧૯૭૬ અને બી.પી. એમ.સી. / ૪૪૭૬ / ૬૫૬૭ / પી./તા.૧૮-૧૦-૧૯૭૬ થી વી.એમ.એન./૧૯૭૯/૭૧૫૧/પી./ તા.૨૭-૧૨-૧૯૭૯ થી મંજુર કર્યા પ્રમાણે તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક : જીએફસી/ ૧૧૨૦૦૦/૨૫૦૫/૨/તા.૯-૨-૨૦૦૧ અનુસાર તેમજ સ.સ.ઠ.અંકઃ.૧૪૯/તા. ૧૭-૮-૨૦૦૧ મુજબ લેવાનો રહેશે.

**ટોલઃ**

જી.પી.એમ.સી. એકટ ૧૯૨૫ની કલમ -૫૮ (જે) અને (કે) હેઠળ ઘડવામાં આવેલ નિયમોમાં નકકી કરેલ દરથી જાનવરો અને વાહનો માટે ટોલ લેવાનો રહેશે.

**કૂતરા વેરો :**

જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ -૪૫૭(૧૩)(એફ) હેઠળ ઘડવામાં આવેલ નિયમો મુજબ કૂતરા વેરો કૂતરા દીઠ વાર્ષિક રૂ.૫-૦૦ મુજબ લેવામાં આવશે. આ નિયમો ગુજરાત સરકારના પંચાયત અને આરોગ્ય ઠરાવ અંક બીં.પી.એમ.સી./૧૦૭૪/૬૭૬૯/પી./તા. ૫-૧૦-૭૪થી મંજુર કરવામાં આવેલા છે તે મુજબ કૂતરા વેરો બજેટના વર્ષે હાલના ધોરણે લેવાનું ચાલુ રાખવાનું છે.

## પાણી ચાર્જ :

ક્ષેત્રફળ આધારીત સામાન્ય કર સુસંગત નીચે જણાવેલ ધોરણએ પાણીનો ચાર્જ સને ૨૦૧૩-૧૪ માટે લેવાનો રહેશે.

પાણી કનેક્શન ધરાવતી તથા પાણી કનેક્શનમાંથી શાખા/પેટા શાખા ધ્વારા પાણી વપરાશ/ઉપયોગ કરાતો હોય તો તેવી ઇમારતોના પાણી ચાર્જ બાબત :

૧) વ્યકિત પ્રિમાઈસીસ પાણી કનેકશન ધરાવતી હોય તો તેવી ઈમારતો/યુનિટો પાસેથી પાણી ચાર્જ લેવા.

૨) જે ઈમારતમાં કોમન પાણી કનેકશન આપવામાં આવેલ હોય તેવી પ્રિમાસીસના જે જે યુનિટમાં પાણી કનેકશનની શાખા જતી હોય તે યુનિટ પાસેથી ઠરાવ્યા મુજબનો, પાણી ચાર્જ લેવા. તદુપરાંત કોમન કનેકશનનો લાભ જે યુનિટો મેળવતા હોય તેવા યુનિટો પાસે પણ ઠરાવ્યા મુજબનો પાણી ચાર્જ વસૂલ કરવો. કોમન કનેકશન સિવાય જે યુનિટ અલગ વ્યકિતગત કનેકશન ધરાવતું હોય તો તેની પાસેથી જે તે કનેકશન માટે ઠરેલ પાણી ચાર્જ વધારાનો અલગ રીતે વસૂલ લેવો.

જે તે મિલકતના/પાણીના જુદા જુદા ભોગવટાના પ્રકાર માટે કનેકશન દ્રારા પાણીનો વપરાશ કરનાર વધારાના ભાડુત/યુઝર દીઠ નીચે પ્રમાણેનો ઓછામાં ઓછો પાણી ચાર્જ વસૂલ કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧) | ઘરગથ્થુ પાણીના વપરાશ માટે | રૂ. ૧૦૦૦ વાર્ષિક |
| ૨) | વ્યાપારીક પાણીના વપરાશ માટે | રૂ. ૧૬૦૦ વાર્ષિક |
| ૩) | સંસ્થાકીય પાણીના વપરાશ માટે | રૂ. ૧૩૦૦ વાર્ષિક |
| ૪) | ઔધોગિક પાણીના વપરાશ માટે | રૂ. ૧૬૦૦ વાર્ષિક |

૧/૨ અને ઉપરના મીટરથી અને મીટર સિવાયના કનેકશનો માટે નીચે જણાવેલ ધોરણોએ પાણીનો ચાર્જ સને ૨૦૧૩-૧૪ માટે લેવાનો રહેશે.

## વોટર મીટર પોલીસી :

૧. હવે પછી અપાનાર એટલે કે તા. ૧-૪-૨૦૧૩ પછીનાં તમામ પ્રકારના પાણી કનેકશનો ઉપર વોટર મીટર ફરજીયાત લગાવવાના રહેશે.

૨. તા. ૧-૪-૨૦૧૩ અગાઉ અપાયેલ તમામ પ્રકારનાં કનેકશનો ઉપર વોટર મીટર લગાવવાના રહેશે.

૧. અ) ૧૧/૨'' સુધીની તમામ સાઈઝના (મીટર સિવાયના) ઘરગથ્થું વપરાશ માટેના પાણી કનેકશનો માટે નીચે મુજબનો પાણી ચાર્જ લેવાનો રહેશે.

| મૂળ કનેકશન સાઇઝ | હાલના દરે વાર્ષિક ચાર્જ કનેકશન દીઠ | સૂચિત વાર્ષિક ચાર્જ કનેકશન દીઠ |
|---|---|---|
| ૧/૨'' | ૮૫૦ | ૧૦૦૦ |
| ૩/૪'' | ૧૯૧૩ | ૨૨૫૦ |
| ૧'' | ૩૪૦૦ | ૪૦૦૦ |
| ૧૧/૨'' | ૭૬૫૦ | ૯૦૦૦ |

બ) ૧૧/૨'' સુધીની તમામ સાઈઝના (મીટર સિવાયના) બીન રહેણાંક (ઔધોગિક હેતુ સિવાય) વપરાશ માટે અપાતા પાણી કનેકશનો માટે નીચે મુજબનો પાણી ચાર્જ લેવાનો રહેશે.

| મૂળ કનેકશન સાઇઝ | હાલના દરે વાર્ષિક ચાર્જ કનેકશન દીઠ | સૂચિત વાર્ષિક ચાર્જ કનેકશન દીઠ |
|---|---|---|
| ૧/૨'' | ૪૨૫૨ | ૬૪૦૦ |
| ૩/૪'' | ૯૫૬૭ | ૧૪૪૦૦ |
| ૧'' | ૧૭૦૦૮ | ૨૫૬૦૦ |
| ૧૧/૨'' | ૩૮૨૬૮ | ૫૭૬૦૦ |

ક) ૧<sup>૧/૨"</sup> સુધીની તમામ સાઈઝના (મીટર સિવાયના) કોલેજ હોસ્ટેલ શાળાઓ, બાલમંદિર ધર્મશાળા, દેવસ્થાનો, અનાથ, આશ્રમો માટે અપાતા પાણી માટે નીચે મુજબનો પાણી ચાર્જ લેવાનો રહેશે.

| મૂળ કનેકશન સાઇઝ | હાલના દરે વાર્ષિક ચાર્જ કનેકશન દીઠ | સૂચિત વાર્ષિક ચાર્જ કનેકશન દીઠ |
|---|---|---|
| ૧/૨'' | ૨૬૦૧ | ૩૯૦૦ |
| ૩/૪'' | ૫૮૫૨ | ૮૭૭૫ |
| ૧'' | ૧૦૪૦૪ | ૧૫૬૦૦ |
| ૧ ૧/૨'' | ૨૩૪૦૯ | ૩૫૧૦૦ |

ડ) ૧ ૧/૨" સુધીની તમામ સાઈઝના (મીટર સિવાયના) ઔદ્યોગિક વપરાશ માટે વપરાતા પાણીના કનેકશનો અંગે નીચે મુજબનો પાણી ચાર્જ લેવાનો રહેશે.

| મૂળ કનેકશન સાઇઝ | હાલના દરે વાર્ષિક ચાર્જ કનેકશન દીઠ | સૂચિત વાર્ષિક ચાર્જ કનેકશન દીઠ |
|---|---|---|
| ૧/૨'' | ૮૫૦૦ | ૧૨૮૦૦ |
| ૩/૪'' | ૧૯૧૨૫ | ૨૮૮૦૦ |
| ૧'' | ૩૪૦૦૦ | ૫૧૨૦૦ |
| ૧ ૧/૨'' | ૭૬૫૦૦ | ૧૧૫૨૦૦ |

૨. અ) ૨" કે તેથી વધુ સાઈઝના મીટરથી ઘરગથ્થું વપરાશ અંગે અપાતા પાણી માટે નીચે પ્રમાણે પાણી ચાર્જ લેવાનો રહેશે.

| મૂળ કનેકશન સાઇઝ | હાલના દર મીટરથી | હાલના દરે વાર્ષિક મીનીમમ ચાર્જ | સૂચિત વાર્ષિક મીનીમમ ચાર્જ |
|---|---|---|---|
| ૨'' | ૩૦,૦૦૦ લીટર | ૧૩૬૦૦ | ૧૬૦૦૦ |
| ૩'' | સુધી પ્રતિ હજાર લીટરે | ૩૦૬૦૦ | ૩૬૦૦૦ |
| ૪'' | રુ. ૪/- મુજબ | ૫૪૪૦૦ | ૬૪૦૦૦ |
| ૫'' | તેનાથી ઉપર | ૮૫૦૦૦ | ૧૦૦૦૦૦ |
| ૬'' | રુ.૬/- પ્રતિ | ૧૨૨૪૦૦ | ૧૪૪૦૦૦ |
| ૮'' | હજાર લીટરે | ૨૧૭૬૦૦ | ૨૫૬૦૦૦ |
| ૯'' | '' | ૨૭૫૪૦૦ | ૩૨૪૦૦૦ |
| ૧૦'' | '' | ૩૪૦૦૦૦ | ૪૦૦૦૦૦ |
| ૧૨'' | '' | ૪૮૯૬૦૦ | ૫૭૬૦૦૦ |

બ) ૨" કે તેથી વધુ સાઈઝના મીટરથી (મીટર સિવાયના) બીન રહેણાંક (ઔદ્યોગિક હેતુ સિવાય) વપરાશ માટે આપતા પાણી અંગે નીચે પ્રમાણે પાણી ચાર્જ લેવાનો રહેશે.

| મૂળ કનેકશન સાઇઝ | હાલના દર મીટરથી | હાલના દરે વાર્ષિક મીનીમમ ચાર્જ | સૂચિત વાર્ષિક મીનીમમ ચાર્જ |
|---|---|---|---|
| ૨'' | ૩૦,૦૦૦ લીટર | ૬૮૦૦૦ | ૧૦૨૪૦૦ |
| ૩'' | સુધી પ્રતિ હજાર લીટરે | ૧૫૩૦૦૦ | ૨૩૦૪૦૦ |
| ૪'' | રુ. ૧૬/- મુજબ | ૨૭૨૦૦૦ | ૪૦૯૬૦૦ |
| ૫'' | તેનાથી ઉપર | ૪૨૫૦૦૦ | ૬૪૦૦૦૦ |
| ૬'' | રુ.૨૪/- પ્રતિ | ૬૧૨૦૦૦ | ૯૨૧૬૦૦ |
| ૮'' | હજાર લીટરે | ૧૦૮૮૦૦૦ | ૧૬૩૮૪૦૦ |
| ૯'' | '' | ૧૩૭૭૦૦૦ | ૨૦૭૩૬૦૦ |
| ૧૦'' | '' | ૧૭૦૦૦૦૦ | ૨૫૬૦૦૦૦ |
| ૧૨'' | '' | ૨૪૪૮૦૦૦ | ૩૬૮૬૪૦૦ |

ક)	૨" કે તેથી વધુ સાઈઝના મીટરથી કોલેજ, હોસ્ટેલ શાળાઓ, બાલમંદિર ધર્મશાળા, દેવસ્થાનો, અનાથ આશ્રમો માટે આપતા પાણી અંગે નીચે પ્રમાણે પાણી ચાર્જ લેવાનો રહેશે.

| મૂળ કનેકશન સાઇઝ | હાલના દર મીટરથી | હાલના દરે વાર્ષિક મીનીમમ ચાર્જ | સૂચિત વાર્ષિક મીનીમમ ચાર્જ |
|---|---|---|---|
| ૨'' | ૩૦,૦૦૦ લીટર | ૪૧૬૧૬ | ૬૨૪૦૦ |
| ૩'' | સુધી પ્રતિ હજાર લીટરે | ૯૩૬૩૬ | ૧૪૦૪૦૦ |
| ૪'' | રુ. ૧૨/- મુજબ | ૧૬૬૪૬૪ | ૨૪૯૬૦૦ |
| ૬'' | તેનાથી ઉપર | ૩૭૪૫૪૪ | ૫૬૧૬૦૦ |
| ૮'' | રુ.૧૮/- પ્રતિ | ૬૬૫૮૫૬ | ૯૯૮૪૦૦ |
| ૧૦'' | હજાર લીટરે | ૧૦૪૦૪૦૦ | ૧૫૬૦૦૦૦ |

ડ)	૨" કે તેથી વધુ સાઈઝના મીટરથી ઔદ્યોગિક વપરાશ માટે આપતા પાણી માટે નીચે પ્રમાણેના ધોરણે પાણીનો ચાર્જ લેવાનો રહેશે.

| મૂળ કનેકશન સાઇઝ | હાલના દર મીટરથી | હાલના દરે વાર્ષિક મીનીમમ ચાર્જ | સૂચિત વાર્ષિક મીનીમમ ચાર્જ |
|---|---|---|---|
| ૨'' | ૩૦,૦૦૦ લીટર | ૧૩૬૦૦૦ | ૨૦૪૮૦૦ |
| ૩'' | સુધી પ્રતિ હજાર લીટરે | ૩૦૬૦૦૦ | ૪૬૦૮૦૦ |
| ૪'' | રુ. ૩૨/- મુજબ | ૫૪૪૦૦૦ | ૮૧૯૨૦૦ |
| ૬'' | તેનાથી ઉપર | ૮૫૦૦૦૦ | ૧૮૪૩૨૦૦ |
| ૮'' | રુ.૪૮/- પ્રતિ | ૧૨૨૪૦૦૦ | ૩૨૭૬૮૦૦ |
| ૯'' | હજાર લીટરે | ૨૭૫૪૦૦૦ | ૪૧૪૭૨૦૦ |
| ૧૦'' | '' | ૩૪૦૦૦૦૦ | ૫૧૨૦૦૦૦ |
| ૧૨'' | '' | ૪૮૯૬૦૦૦ | ૭૩૭૨૮૦૦ |

**વડોદરા શહેરની હદ બહાર અપાયેલા પાણી કનેકશનો બાબતઃ-**

૧.	અ)	વડોદરા શહેરની હદ બહાર અપાયેલા પાણી કનેકશનો પર પાણી ચાજીર્સના દર નીચે પ્રમાણે લેવાનો રહેશે.

| મૂળ કનેકશન સાઇઝ | હાલના દરે વાર્ષિક ચાર્જ કનેકશન દીઠ | સૂચિત વાર્ષિક ચાર્જ કનેકશન દીઠ |
|---|---|---|
| ૧/૨'' | ૨૬૦૧ | ૩૯૦૦ |
| ૩/૪'' | ૫૮૫૨ | ૮૭૭૫ |
| ૧'' | ૧૦૪૦૪ | ૧૫૬૦૦ |
| ૧૧/૨'' | ૨૩૪૦૯ | ૩૫૧૦૦ |

બ)

| મૂળ કનેકશન સાઇઝ | હાલના દર મીટરથી | હાલના દરે વાર્ષિક મીનીમમ ચાર્જ | સૂચિત વાર્ષિક મીનીમમ ચાર્જ |
|---|---|---|---|
| ૨'' | ૩૦,૦૦૦ લીટર | ૪૧૬૧૬ | ૬૨૪૦૦ |
| ૩'' | સુધી પ્રતિ હજાર લીટરે | ૯૩૬૩૬ | ૧૪૦૪૦૦ |
| ૪'' | રુ. ૧૨/- મુજબ | ૧૬૬૪૬૪ | ૨૪૯૬૦૦ |
| ૬'' | તેનાથી ઉપર | ૨૬૦૧૦૦ | ૫૬૧૬૦૦ |
| ૮'' | રુ.૧૮/- પ્રતિ | ૩૭૪૫૪૪ | ૯૯૮૪૦૦ |
| ૯'' | હજાર લીટરે | ૮૪૨૭૨૪ | ૧૨૬૩૬૦૦ |
| ૧૦'' | '' | ૧૦૪૦૪૦૦ | ૧૫૬૦૦૦૦ |
| ૧૨'' | '' | ૧૪૯૮૧૭૬ | ૨૨૪૬૪૦૦ |

ક)	વડોદરા શહેરની હદ બહાર બિન રહેણાંક હેતું માટેના પાણી કનેકશનો અંગેનો દરઃ- હદ બહારના બિન રહેણાંક હેતુ માટેના કનેકશનો માટેના પાણીના દરો શહેરમાંના ધંધાકીય હેતુ અંગેના કનેકશનો માટેના સૂચિત પાણીના દરોના ત્રણ ગણા લેખે લેવાનું હાલનું ધોરણ ચાલુ રાખવાનું છે. તેમજ હદ બહાર આવેલ કોલેજ, હોસ્ટેલ શાળાઓ, બાલમંદિર ધર્મશાળા, દેવસ્થાનો, અનાથ આશ્રમોને અપાયેલા કનેકશનો માટેના પાણીના દરો શહેરમાંના આવી સંસ્થાઓ અંગેના કનેકશનો માટેના પાણીના દરોના દોઢ ગણા લેખે લેવાનું હાલનું ધોરણ ચાલુ રાખવાનું છે.

**ફાયર ટેક્ષ :-**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૬-૭-૦૫ના ઠરાવ ક્રમાંક વમન-૮૦૨૦૦૦-૫૦૭૪-પી.થી ફાયર ટેક્ષના નિયમોની મંજુરી મળેલ છે.

**સને ૨૦૧૩-૧૪ ના વર્ષ માટે ફાયર ટેક્ષના દર નીચે જણાવ્યા મુજબના દરે લેવાનો રહેશે.**

| અ.નં. | વિગત | દર |
|---|---|---|
| ૧. | ફેક્ટરીની ઈમારતો અને જમીન તેમજ અન્ય મિલક્ત અને જમીનો કે જે ઔદ્યોગિક હેતુ માટે વપરાતી હોય | જે તે સામાન્ય કરના ૧.૫ % ને બદલે સામાન્ય કરના ૫ % |
| ૨. | હાઈરાઈઝ ઈમારતો કે જેની ઉંચાઈ ૧૮ મીટરથી વધુ હોય તેવી જમીન અને ઈમારતો | જે તે સામાન્ય કરના ૩.૫ %ને બદલે સામાન્ય કરના ૭ % |

**શિક્ષણ ઉપકર (સરચાર્જ) :-**

તા. ૧૬ માર્ચ, ૨૦૦૬ના ગુજરાત રાજયપત્ર (અસાધારણ)ના પ્રસિધ્ધ થયેલા સને ૨૦૦૬ના ગુજરાત વિધેયક ક્રમાંક -૧૩ અનુસાર શિક્ષણ ઉપકર (સરચાર્જ) વસૂલ કરવાનું ઠરાવેલ છે. શિક્ષણ ઉપકર (સરચાર્જ)ની ગણતરી નીચે મુજબ કરવાની છે. તે મુજબ વસુલ લેવાના રહેશે.

૧) ક. કોઈ મકાન અથવા જમીનનો રહેણાંકના હેતુ માટે અથવા વેપાર, વાણિજય અથવા ઉધોગ અથવા વ્યવસાય અથવા ધંધો ચલાવવા સિવાયના કોઈ હેતુથી ઉપયોગ થતો હોય ત્યારે -

- ૧) સામાન્ય કર બસો રૂપિયા કરતાં વધારે હોય પણ પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના પાંચ ટકાના દરે,
- ૨) સામાન્ય કર પાંચસો રૂપિયા કરતાં વધારે હોય પણ ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના દશ ટકાના દરે,
- ૩) સામાન્ય કર ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે હોય, તો સામાન્ય કરના પંદર ટકાના દરે,

૧) ખ. કોઈ મકાન અથવા જમીનનો વેપાર, વાણિજય અથવા ઉધોગના અથવા વ્યવસાય અથવા ઘંઘો કરવાનો હેતુ માટે ઉપયોગ થતો હોય, ત્યારે -

- ૧) સામાન્ય કર બસો રૂપિયા કરતાં વધારે હોય પણ પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના દસ ટકાના દરે,
- ૨) સામાન્ય કર પાંચસો રૂપિયા કરતાં વધારે હોય પણ ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે ન હોય, તો સામાન્ય કરના વીસ ટકાના દરે,
- ૩) સામાન્ય કર ત્રણ હજાર રૂપિયા કરતાં વધારે હોય, તો સામાન્ય કરના ત્રીસ ટકાના દરે,

૨) કોઈ જમીન, મકાન, ટેનામેન્ટ અથવા મકાનના ભાગ ઉપર અલગ સામાન્ય કર આકારવામાં આવ્યો હોય, પણ પેટા કલમ (૧) માં જણાવેલા બે અથવા વધારે હેતુઓ માટે એકી સાથે ઉપયોગમાં લેવાતા હોય ત્યારે આ કલમ હેઠળનો સરચાર્જ તે જમીન, મકાન, ટેનામેન્ટ અથવા મકાનનો ભાગ જે હેતુઓ માટે ઉપયોગમાં લેવાતા હોય તે પૈકી કોઈ હેતુઓ સંબંધમાં લાગુ પડતા ઉંચા દરે લેવાનો રહેશે.

**પાર્કીંગ ચાર્જ :-**

પાર્કીંગ ચાર્જ (જમીન વાપર પરવાના ફી) ભારે વાહનો (ટ્રક, ટ્રેઈલર, લકઝરી બસ, ખાનગી બસ વિગેરે) વાર્ષિક રૂ. ૧૦૦૦/- વાહન દીઠ ચાર્જ લેવામાં આવે છે તે ચાલુ રાખવા અભિપ્રાય છે. તે સિવાયના વાહનો ઉપર ચાર્જ લેવાનો નથી.

**વ્યવસાય વેરોઃ-**

વડોદરા મહાનગરપાલિકાની હદમાં વ્યવસાય કરતાં નીચે જણાવેલ પરિશિષ્ટ મુજબના વ્યવસાયકારો તથા પરિશિષ્ટ-૧ની એટ્રી-૧માં દર્શાવેલ વેતનદારો પૈકી કેન્દ્ર સરકાર, રાજય સરકાર, પંચાયત, કેન્ટોનમેન્ટ વિસ્તાર તથા જાહેર સાહસના એકમના વેતનદારો સિવાયના વેતનદારોએ ભરવાપાત્ર વ્યવસાય વેરો વસુલ કરવાની સત્તા રાજય સરકારશ્રી તરફથી તથા નોટીફીકેશન નં.GHN(૯)PFT-૨૦૦૮-S.૨(aa)(૧)-TH તા.૧-૪-૨૦૦૮થી વડોદરા મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલી છે. તેમજ કાયદાની જોગવાઇ અનુસાર લધુત્તમ અને મહત્તમ દરની મર્યાદા મુજબ દર નકકી કરવાની સત્તાઓ સુપ્રત થયેલી છે

સને ૨૦૧૩-૧૪ ના વર્ષ માટે વ્યવસાય વેરાના દર નીચે જણાવેલ અનુસૂચિ-૧ મુજબહાલના દરેલેવાનો રહેશે.

અનુસૂચિ-૧
[જુઓ કલમ ૩ અને કલમ ૫ની પેટા કલમ(૩)]
વ્યવસાય, વ્યાપાર, ધંધો અને રોજગાર ઉપરના વેરાનો દર.

| અ.નં. | | વ્યકિતઓનો વર્ગ | વ્યવસાય વેરાનો માસિક દર રૂ. |
|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ |
| ૧. | | (ક) રાજય સરકાર, કેન્દ્ર સરકાર, પંચાયતો, રાજય અને કેન્દ્ર સરકારના જાહેરક્ષેત્રના ઉપક્રમો અને ગ્રાંટ ઇન એઇડ સંસ્થાઓ સિવાયના પગારદારો અને વેતનદારો જેનો માસિક પગાર અથવા વેતન - | |
| | ૧. | રૂ.૩૦૦૦/- થી ઓછો | શૂન્ય |
| | ૨. | રૂ.૩૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂ.૬૦૦૦/-થી ઓછો | ૨૦/- |
| | ૩. | રૂ.૬૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂ.૯૦૦૦/-થી ઓછો | ૮૦/- |
| | ૪. | રૂ.૯૦૦૦/- અથવા તેથી વધુ પણ રૂ.૧૨૦૦૦/-થી ઓછો | ૧૫૦/- |
| | ૪. | રૂ.૧૨૦૦૦/- અથવા તેથી વધુ. | ૨૦૦/- |
| | | સ્પષ્ટીકરણ.૧-કોઇ મહિના સિવાયની કોઇ મુદત માટે કોઇ પગાર અથવા વેતનઆપવાનું હોય ત્યારે, માસિક પગાર અથવા વેતન, આ નોંધના હેતુ માટે કોઇ મહિના માટે આપેલ અથવા આપવાના પગાર અથવા વેતનની ખરેખર રકમના આધારે ગણવામાં આવશે. | |
| | | સ્પષ્ટીકરણ.૨.- કોઇ વ્યકિત કોઇ મહિનાના અંત પહેલાં પગાર અથવા વેતન મેળવનાર તરીકે બંધ થાય, ત્યારે તે મહિનાનો વેરો ભરવાની તેની જવાબદારી પ્રમાણસર રીતે ઘટાડવામાં આવશે. | |
| | | | વ્યવસાય વેરાનો વાર્ષિક દર રૂ. |
| ૨. | (ક) | સોલીસીટરો અને નોટરી પબ્લીક સહિત કાયદા વ્યવસાયીઓ | ૨૦૦૦/- |
| | (ખ) | તબીબી સલાહકારો(કન્સલ્ટન્ટો) અને દંત ચિકિત્સકો(ડેન્ટીસ્ટો) સહિત તબીબી વ્યવસાયીઓ. | ૨૦૦૦/- |
| | (ગ) | આર્કીટેકટો, એન્જીનીયરો, આરસીસી કન્સલ્ટન્ટો, ટેક્ષ કન્સલ્ટન્ટો,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો,વીમાશાસ્ત્રીઓ અને મેનેજમેન્ટ કન્સલ્ટન્ટો સહિત ટેકનિકલ અને પ્રોફેશનલ કન્સલ્ટન્ટો. | ૨૦૦૦/- |
| | (ઘ | વીમા અધિનિયમ, ૧૯૩૮(સન ૧૯૩૮ના ૪થા) હેઠળ રજીસ્ટર થયેલા અથવા લાયસન્સ ધરાવતા ચીફ એજન્ટો, પ્રિન્સીપાલ`જન્ટો, સ્પેશિયલ એજન્ટો, ઇન્સ્યોરન્સ એજન્ટો અને સર્વેયરો અથવા લોસ એસેસરો. | ૨૦૦૦/- |
| | (ચ) | બિલ્ડીંગ કોન્ટ્રાકટરો સિવાયના તમામ કોન્ટ્રાકટરો. | ૨૦૦૦/- |
| | (છ) | કમિશન એજન્ટો, દલાલો અને એસ્ટેટ બ્રોકરો સિવાયના | ૨૦૦૦/- |
| | (જ) | ઓટોમોબાઇલ બ્રોકર્સ | ૨૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| | (ઝ) | ટુર ઓપરેટર્સ અને ટ્રાવેલ એજન્ટ | ૨૦૦૦/- |
| | (ટ) | કેબલ ટી.વી. ઓપરેટર્સ | ૨૦૦૦/- |
| | (ઠ) | ફિલ્મ વિતરકો | ૨૦૦૦/- |
| | (ડ) | વિજ્ઞાપન એજન્સીઓના માલિકો | ૨૦૦૦/ |
| | (ઢ) | ટયુશન કલાસીસ અથવા ટયુટોરીયલ ઇન્સ્ટીટયુશન્સના માલિકો | ૨૦૦૦/- |
| | (ત) | કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ અથવા કોમ્પ્યુટર નેટવર્ક મારફત ઓનલાઇન ઇન્ફોર્મેશન અને ડેટા બેઝ સર્વિસમાં રોકાયેલી સંસ્થાના માલિકો અથવા સેવા પુરી પાડનારાઓ. | ૨૦૦૦/- |
| | (થ) | ડ્રાઇવીંગ સ્કુલના માલિકો | ૨૦૦૦/- |
| | (દ) | મેરેજ હોલ અને પાર્ટી પ્લોટના માલિકો | ૨૦૦૦/- |
| | (ધ) | આંગડીયા અથવા કુરીયર સેવા પુરી પાડનારા | ૨૦૦૦/- |
| | (ન) | હેલ્થ કલબ અને મનોરંજન કલબના માલિકો | ૨૦૦૦/- |
| ૩. | (૧) | વાયદા-સોદા (નિયમન)અધિનિયમ,૧૯૫૨ (સને૧૯૫૨ના ૭૪મા) હેઠળ માન્ય થયેલા એસોસીએશનના સભ્યો | ૨૦૦૦/- |
| | (૨) | સીકયોરીટી સોદા (નિયમન) અધિનિયમ, ૧૯૫૬ (સને ૧૯૫૬ના ૪૨મા) હેઠળ માન્ય થયેલા સ્ટોક એકસચેન્જના સભ્યો. | ૨૦૦૦/- |
| | (૩) | ઓઇલ પમ્પો અને સર્વિસ સ્ટેશનો માલિકો અને કોઇપણ તેવા પટે લેનારાઓ.૦.૦૧ થી વધુ ચો. મીટર સુઘીની મિલકત માટે | ૨૦૦૦/- |
| | (૪) | મુંબઇ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના મુંબઇના ૭૯મા)માં વ્યાખ્યા કર્યા પ્રમાણે લાઇસન્સ ધરાવતા વિદેશી દારૂ વેચનારા અને નિવાસી હોટલો અને થિયેટરોના માલિકો. | ૨૦૦૦/- |
| | (૬) | ચીટ ફંડોનું સંચાલન કરતી વ્યકિતઓ અથવા સંસ્થાઓ | ૨૦૦૦/- |
| | (૭) | બેકિંગ નિયમન અધિનિયમ, ૧૯૪૯(સને૧૯૪૯ના ૧૦મા)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની બેકિંગ કંપનીઓ. | |
| | (૮) | ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૨ના ગુજરાતના ૧૦મા) હેઠળ રજીસ્ટર થયેલી અથવા રજીસ્ટર થયેલ હોવાનું ગણાતી સહકારી સોસાયટીઓ.- | ૨૦૦૦/- |
| | | (ક) કોઇપણ વ્યવસાય, વ્યાપાર અથવા ધંધામાં રોકાયેલી રાજય સ્તરની મંડળીઓ અને જીલ્લા સ્તરની મંડળીઓ. | ૨૦૦૦/- |
| | | (ખ) સહકારી સુગર ફેકટરીઓ અને સહકારી સ્પીનીંગ મિલો. | ૨૦૦૦/- |
| | (૯) | એસ્ટેટ એજન્ટો અથવા એસ્ટેટ બ્રોકર્સ અથવા બિલ્ડીંગ કોન્ટ્રાકટરો. | ૨૦૦૦/- |
| | (૧૦) | વિડીયો પાર્લર્સ અથવા વિડિયો લાયબ્રેરી અથવા તે બન્નેનામાલિકો અથવા તે બન્ને ભાડા પટે આપેલ હોય ત્યારે તેને ભાડા પટે રાખનાર. | ૨૦૦૦/- |
| ૪ | કોઇપણ વ્યવસાય, વ્યાપાર આવા ધંધામાં રોકાયેલી ભારતીય ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (સને ૧૯૩૨ના ૯મા) હેઠળ રજીસ્ટર થયેલી પેઢીઓ. | | ૨૦૦૦/- |
| ૫ | કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના ૬૩)માં વ્યાખ્યા કર્યા પ્રમાણે કંપનીના ભોગવટેદારો. | | ૨૦૦૦/- |
| ૬ | મુંબઇ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના મુંબઇના આશરે પાંચથી વધુ કર્મચારીઓ કામે રાખેલા હોય તેવી સંસ્થાના માલિકો. | | ૨૦૦૦/- |
| ૭ | ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સને ૨૦૦૫ના ૧લા)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના વેપારીઓ, જેમના તમામ વેચાણો અથવા તમામ ખરીદીઓનું કુલ વાર્ષિક ટર્ન ઓવર - | | ૨૦૦૦/- |
| | (૧) | રૂ ૨,૫૦,૦૦૦/-થી વધુ ન હોય તો | શૂન્ય |
| | (૨) | રૂ ૨,૫૦,૦૦૦/-થી વધુ હોય પણ રૂ.૫,૦૦,૦૦૦/-થી વધુ ન હોય તો | ૫૦૦/- |
| | (૩) | રૂ ૫,૦૦,૦૦૦/-થી વધુ હોય પણ રૂ.૧૦,૦૦,૦૦૦/-થી વધુ ન હોય તો | ૧૨૫૦/ |
| | (૪) | રૂ ૧૦,૦૦,૦૦૦/-થી વધુ હોય તો | ૨૪૦૦/- |
| | સ્પષ્ટીકરણ :- આ નોંધના હેતુ માટે, "વર્ષ" એ શબ્દનો અર્થ,ગુજરાત | | |

| | | |
|---|---|---|
| | મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩(સને ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૨ના ખંડ(૩૬)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું વર્ષ એવો થશે. | |
| ૮ | મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮(સને૧૯૮૮ના ૫૯મા) હેઠળ ભાડાની અથવા બદલાની રકમ લઇને વપરાતા અથવા વાપરવા માટે અનુકુળ બનાવેલા ટ્રાન્સપોર્ટ વાહનોના પરમીટ ધારકો જયારે આવી કોઇ વ્યકિત બે થી વધુ ટ્રાસન્પોર્ટ વાહનો, બસો, ટેક્ષીઓ, ટ્રકો અથવા ત્રણ પૈંડાવાળા મોટર વાહનોની પરમીટ ધરાવતી હોય ત્યારે. | ૨૦૦૦/- |
| | સ્પષ્ટીકરણ :- એકજ કુટુંબના સભ્યો તરીકે સાથે રહેતી અને અલગ પરમીટો ધરાવતી વ્યકિતઓ, આ નોંધના હેતુઓ માટે એકજ વ્યકિત તરીકે ગણાશે. | |
| ૯ | મુંબઇ નાણાંની ધીરધાર કરનારાઓ બાબતના અધિનિયમ, ૧૯૪૬ કરનારાઓ. (સને ૧૯૪૭ના ૩૧મા) હેઠળ લાયસન્સ આપેલા નાણાંની ધીરધાર | ૨૦૦૦/- |
| ૧૦ | આગળની કોઇ નોંધમાં ઉલ્લેખેલી ન હોય તેવી, વ્યવસાય, વ્યાપાર, ધંધો અથવા રોજગાર કરતી અને કલમ ૩ની પેટા કલમ(૨)ના ચોથા૨૦૦૦/પરંતુક હેઠળ જેના સંબંધમાં જાહેરનામું બહાર પાડેલું હોય તેવી વ્યકિતઓ. | ૨૦૦૦/- |

**સફાઇ ચાર્જ**

નામ. ભારત સરકારશ્રીના પર્યાવરણ જાળવણી અધિનિયમના પ્રકરણ-૨૫ ના ફકરા ક્રમાંક - ૨૫.૪.૩.૪ માં કોસ્ટ રીકવરી અને ૨૫.૪.૩.૫ માં "લેવી ઓફ સેનીટેશન ટેક્ષ ટુ મીટ એડ કોસ્ટ ઓફ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સર્વિસીસ" હેઠળ સોલીડવેસ્ટ મેનેજમેન્ટની જે સર્વિસીસ પુરી પાડવામાં આવે છે તેના સમગ્ર ખર્ચના એક ભાગરૂપ શહેરીજનો પાસેથી સને ૨૦૧૩-૧૪ના વર્ષ માટે સફાઇ ચાર્જ નીચે મુજબ વસુલ લેવાનો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | રહેણાંકના સામાન્ય કરના લઘુત્તમ દર ધરાવતા એકમો. | રૂ.૨૫/- પ્રતિ વર્ષને બદલે રુ. ૫૦/– પ્રતિ વર્ષ |
| (૨) | અ.નં. ૧ સિવાયના રહેણાંકના તમામ એકમો. | રૂ.૪૮/- પ્રતિ વર્ષ ને બદલે રુ.૧૦૦/– પ્રતિ વર્ષ |
| (૩) | બીન રહેણાંક એકમો | સામાન્ય કરના ૫% પરંતુ ઓછામાં ઓછારૂ.૧૦૦/- પ્રતિ વર્ષને બદલે સામાન્ય કરના ૧૦% પરંતુ ઓછામાં ઓછા રુ.૨૪૦/– પ્રતિ વર્ષ |

## દિવાબત્તી વેરો

વડોદરા મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ ઈમારતો અને મિલકતો ઉપર લાઇટીંગ ટેક્ષ નાંખવા કરવામાં આવેલી દરખાસ્તને સમગ્ર સભા ઠરાવ અંક ૩૪૬ તા. ૧૯–૨–૨૦૦૩થી મંજુરી મળેલી છે. સદર મંજુરી અન્વયે લાઈટીંગ ટેક્ષ નાંખવા અંગે રાજય સરકારશ્રીને રજુઆત કરતાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણવિભાગના ઠરાવ ક્રમાંક–વમન /૮૦૨૦૦૩/૧૮૭૩/પી, તા.૨૫–સપ્ટેમ્બર–૨૦૦૩થી મંજુરી મળેલી છે. સદર મંજુરીમાં "લાઇટીંગ ટેક્ષ"ના બદલે "દિવાબત્તી વેરો" (સ્ટ્રીટલાઇટ ટેક્ષ) એ મતલબના સુધારા સહિત મ્યુનિસિપલ કોર્પોરેશનની દરખાસ્તને રાજય સરકારશ્રીની કામચલાઉ મંજુરી મળેલી છે.

સદર મંજુરી આધારે વડોદરા મહાનગરપાલિકાની હદમાં આવેલ ઈમારતો અને મિલ્કતો ઉપર દિવાબત્તી વેરો નાંખવા અંગેના પરિશિષ્ટ–અમાં જણાવેલ નિયમો મંજુર કરાયેલ છે. સદર નિયમોને મંજુરી મળ્યેથી ધી જી.પી.એમ.સી. એકટની કલમ–૪૫૫ મુજબ રાજય સરકારશ્રીની મંજુરી મેળવી સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેનો અમલ કરવાનો રહેશે.

## પરિશિષ્ટ–અ

૧. આ નિયમો "સ્ટ્રીટલાઈટ વેરા નિયમો–૨૦૧૩" તરીકે ઓળખાશે.
૨. આ નિયમો તા. ૧–૪–૨૦૧૩થી અમલમાં આવશે.
૩. સ્ટ્રીટલાઇટ વેરો તા. ૧–૪–૨૦૧૩થી લાગુ કરવામાં આવશે તેમજ આ વેરો બધીજ જમીનો અને બિલ્ડીંગોને પ્રોપર્ટી ટેક્ષ (મિલ્કત વેરા)ની જેમ વસુલ કરવામાં આવશે.
૪. પ્રોપર્ટી ટેક્ષની જોગવાઈઓ, નિયમો જે તે સમયે અમલમાં હોય તે મુળત:(Mutatis-Mutandis)

રીતે  સ્ટ્રીટલાઈટ ટેક્ષની વસુલાત કરવાની રહેશે. જેમાં પ્રોપર્ટી ટેક્ષના રીફંડ આપવાની જોગવાઈઓ અને નિયમો લાગુ પાડવામાં આવશે નહિં.

૫. સ્ટ્રીટલાઈટ વેરાનો દર જે તે વર્ષના જે તે જમીન/ઈમારતના મિલ્કત વેરાના ૮% કરતાં ઓછાં નહિં તેમજ ૧૬% કરતાં વધુ નહિં તે ધોરણે લઈ શકાશે. મ્યુનિસિપલ કોર્પોરેશનને જે તે નિયત પ્રોપર્ટી ટેક્ષના ધોરણ મુજબ ઉપર જણાવેલ ઓછામાં ઓછું અને વધુમાં વધુની મર્યાદામાં રહી નક્કી કરવાનો અધિકાર રહેશે. મ્યુનિસિપલ કોર્પોરેશન ઓછામાં ઓછા પરંતું સામાન્ય કરવા ૮% થી ઓછા નહિં તે મુજબ આ વેરા નક્કી કરી વસુલ કરી શકશે.

૬. વહીવટી વર્ષ ૨૦૧૩-૧૪ માટે સ્ટ્રીટલાઈટ વેરાનો દર સામાન્ય કરના ૮% અથવા આ વહીવટી વર્ષ માટે રુ. ૧૨૦/- બે માંથી જે વધુ હશે તે લાગુ પડશે.

**Street Light Tax**

(i) These Rules may be called, "The Street Light Tax Rules, 2013".

(ii) These Rules shall come into force from 1-4-2013.

(iii) The Street Light Tax shall be leviable (on and from 1-4-2013) on all lands and buildings & shall be recoverable as if it is a Property Tax.

(iv) The provisions, rules, regulations which are in force from time to time for the collection and recovery of the Property Tax shall apply mutatis-mutandis to the collection and recovery of the Street Light Tax except the provisions and rules etc. applicable to refund of Property Tax.

(v) The rate of the Street Light tax shall not be less than 8% and more than 16% of the Property Tax leviable in any year on any land and building liable for Street Light Tax. The Corporation shall have all the powers which it has or may have in respect of the property tax to vary the rates between the minimum & the maximum rate prescribed above. The Corporation may fix or re-fix the minimum amount of Tax to be levied on lands and buildings, subject to a condition that such minimum amount of tax fixed shall not be less than 8¨¸ of the Property Tax leviable on such lands and buildings.

(vi) For the official year 2013-14, the rate of the Street Light Tax shall be 8% of the Property Tax leviable during the said official year or Rs.120/- which ever is higher.

**ગેસ પ્રોજેક્ટ**

**ગેસ વેચાણના, મીટર અને સર્વિસ ચાર્જના નીચે સુચવ્યા મુજબના નવા દર મંજુર કરવામાં આવેલ છે.**

| નંબર | વિગત | હાલના દર ડિસે.૨૦૧૨થી | સુચિત વધારો/ઘટાડો | નવો દર તા.૧-૪-૧૩નો |
|---|---|---|---|---|
| ૧. | ઘરગથ્થુ મીટર કનેકશન | | | |
| | પ્રતિ યુનીટના | ૧૩.૭૭ | ૨.૭૫ | ૧૬.૫૨ |
| | મીનીમમ ચાર્જ પ્રતિમાસ | ૩૧૬.૭૧ | ૨૪૭.૮૦ | -૬૮.૯૧ |
| | | (૨૩ યુનીટ) | (૧૫ યુનીટ) | |
| ૨. | ઘરગથ્થુ મીટર સિવાયના કનેકશન | | | |
| | ૨ વ્યકિત પ્રતિ માસ | ૩૧૭.૦૦ | ૬૩.૦૦ | ૩૮૦.૦૦ |
| | ૩ વ્યકિત પ્રતિ માસ | ૩૪૪.૦૦ | ૬૯.૦૦ | ૪૧૩.૦૦ |
| | ૪ વ્યકિત પ્રતિ માસ | ૩૭૨.૦૦ | ૭૪.૦૦ | ૪૪૬.૦૦ |
| | ૫ વ્યકિત પ્રતિ માસ | ૩૯૯.૦૦ | ૮૦.૦૦ | ૪૭૯.૦૦ |
| | ૬ વ્યકિત પ્રતિ માસ | ૪૨૭.૦૦ | ૮૫.૦૦ | ૫૧૨.૦૦ |
| | ૭ વ્યકિત પ્રતિ માસ | ૪૫૪.૦૦ | ૯૧.૦૦ | ૫૪૫.૦૦ |
| | ૮ વ્યકિત પ્રતિ માસ | ૪૮૨.૦૦ | ૯૬.૦૦ | ૫૭૮.૦૦ |
| | ૯વ્યકિત પ્રતિ માસ | ૫૦૯.૦૦ | ૧૦૨.૦૦ | ૬૧૧.૦૦ |
| | ૧૦ કે તેથી વધુ વ્યકિત પ્રતિ માસ | ૫૩૭.૦૦ | ૧૦૭.૦૦ | ૬૪૪.૦૦ |
| | વધારાના વ્યકિત પ્રતિ માસ | ૩૪.૦૦ | ૧૬.૦૦ | ૫૦.૦૦ |
| | વધારાના પોઈન્ટ પ્રતિ માસ | ૩૦.૦૦ | ૨૦.૦૦ | ૫૦.૦૦ |
| ૩. | ધંધાકીય કનેકશન (પ્રોફીટ મેકીંગ) | | | |
| | પ્રતિ યુનીટ | ૨૧.૭૭ | ૮.૭૧ | ૩૦.૪૮ |
| | મીનીમમ ચાર્જ પ્રતિ માસના | ૮૪૯.૦૦ | ૬૭૫.૦૦ | ૧૫૨૪.૦૦ |
| | | (૩૯ યુનીટ) | (૫૦ યુનીટ) | |
| ૪. | યુનીવર્સિટી હોલ્સ, હોસ્ટેલના કનેકશન | | | |
| | (નોન પ્રોફીટ મેકીંગ) | | | |
| | પ્રતિ યુનીટ | ૧૬.૭૭ | ૬.૭૧ | ૨૩.૪૮ |
| | મીનીમમ ચાર્જ પ્રતિ માસના | ૭૫૫.૦૦ | ૩૦૨.૦૦ | |
| ૫. | એરકન્ડીશનીંગ પ્લાન્ટ માટે | | | |
| | પ્રતિ યુનીટ | ૨૧.૭૭ | | ૨૧.૭૭ |
| ૬. | ઔદ્યોગિક કનેકશન | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | પ્રતિ યુનીટ | ૨૧.૭૭ | ૧૦.૭૧ | ૩૨.૪૮ |
| ૭. | મીટર ભાડું કનેકશન દીઠ પ્રતિ માસ | ૨૦.૦૦ | | ૨૦.૦૦ |
| ૮. | સર્વિસ ચાર્જ કનેકશન દીઠ પ્રતિ માસ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૨૦.૦૦ |

**નોંધ:**

**૧. ઉપરના ભાવમાં વેટ ઈલાયદા ભરવાનો રહેશે.**

**૨. બાયપાસ, ફોલ્ટી મીટરવાળા ઘરગથ્થુ કનેકશન ઉપર ઓછામાં ઓછા રુ. ૩૮૦/- (૨૩ યુનીટ) ત્યારબાદ સભ્ય સંખ્યા પ્રમાણે બીલ વસુલ કરવામાં આવશે.**

**૩. ઉપરના ભાવ ડોલરના ભાવના આધારે વધ-ઘટને પાત્ર રહેશે.**

**૪. ઉપરોકત ભાવ મુજબ દર વર્ષે ૧૦ ટકાનો ભાવ વધારો કરવાનો રહેશે.**

## પરિશિષ્ટ-૧૦ (લાગતો) :

**સને ૨૦૧૩-૧૪ માટે લેવાપાત્ર જુદી જુદી લાગતોના દરના પરિશિષ્ટ-૧૦ મંજુર કરવામાં આવેલ છે જેની છાપેલી પુસ્તીકા હિસાબી શાખાએથી મેળવી તે મુજબ અમલ કરવાનો રહેશે.**

**સહી. અશ્વિનીકુમાર**
**મ્યુનિસિપલ કમિશ્નર**
**મહાનગર સેવા સદન**
**વડોદરા.**

**નકલ રવાના**

**શ્રી . . . . . . . . . . . . . તરફ**

**જાણ તથા અમલ થવા સારુ**

**ડે.ચીફ એકાઉન્ટન્ટ**